# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SEMI CONNECT CONF -1

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગનો ત્રિવેણી સંગમ ભારતના વિકાસના આગામી તબક્કાને આગળ ધપાવવા સજ્જ છે.

આજે ગાંધીનગરમાં ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ 2026 ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી વૈષ્ણવે સેમિકોન વન ની સફળતા પર પ્રકાશ પાડતા કહ્યું કે ભારત અગાઉથી જ દસ ઉત્પાદન પ્લાન્ટ સુરક્ષિત કરી ચૂક્યું છે.

**બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી,SEMICONDUCTOR**

આ કાર્યક્રમમાં સંબોધન કરતા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રે મક્કમતાથી આગળ વધી રહ્યું છે, જેમાં ગુજરાત પોતાની નીતિગત સ્થિરતા, પારદર્શિતા અને 'ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ' દ્વારા વૈશ્વિક રોકાણકારો માટે મનપસંદ સ્થળ સાબિત થયું છે.

**બાઇટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

# SEMI CONNECT CONF -2

મુખ્યમંત્રીએ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મળીને આજે ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્ર દરમિયાન વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા નીતિ 2026-2031નું ઔપચારિક અનાવરણ કર્યું. આ કોન્ફરન્સ દરમિયાન સેમિકન્ડક્ટરને લગતા બાર જેટલા મહત્વપૂર્ણ કરારો ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતા.

# GUJ SEMI CONNECT CONF -ASHWINI

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સના આરંભ બાદ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં ગઇકાલે ભારતના ઇન્ડસ્ટ્રીયલ માટે ઇતિહાસ રચાયો જ્યાં માઈક્રો સેમિકન્ડક્ટર પ્લાન્ટ સાણંદમાં શરૂ થયો છે. તેમણે ઉમેર્યું કે સેમિકન્ડક્ટરના ક્ષેત્રમાં ગુજરાતમાં ઉત્તમ કામગીરી થઇ રહી છે.

શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના યુપીએના શાસન દરમિયાન ગુજરાતને રેલવે બજેટમાં માત્ર ૫૮૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવતા હતા. તેની સરખામણીએ, વર્તમાન સરકારે આ વર્ષે ગુજરાત માટે ૧૭ હજાર ૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવ્યું છે.

ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ ‘બુલેટ ટ્રેન પ્રોજેક્ટ’ની પ્રગતિ અંગે શ્રી વૈષ્ણવે જણાવાયું હતું કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થશે, ત્યારે અમદાવાદથી મુંબઈની મુસાફરી ૩૫૦ કિમી/કલાકની ઝડપે માત્ર ૦૧ કલાક ૫૭ મિનિટના સમયમાં પૂર્ણ થશે. આ કાર્યક્રમ બાદ તેઓ ધોલેરાની મુલાકાતે ગયા હતા.

# Navsari- jal shakti mantri

નવસારીના દશેરા ટેકરી ખાતે 26 કરોડના વિકાસ કામોનું કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલે ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે શ્રી પાટીલે જળ સંચય અને સ્વચ્છતા ક્ષેત્રે નવસારી જિલ્લામાં થઈ રહેલી કામગીરીની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી રહી હોવાનું જણાવ્યું. નવસારીને એક મોડેલ જિલ્લો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

# ICC T20 WORLD CUP

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત સુપર એઈટમાં પોતાનો છેલ્લો મુકાબલો વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં રમશે. ઈડન ગાર્ડન્સ ખાતે સાંજે ૭ વાગ્યે આ મેચ શરૂ થશે. આ મેચનું પરિણામ ટુર્નામેન્ટમાં ભારતનું ભાગ્ય નક્કી કરશે.

સુપર એઈટ ગ્રુપ વનની બીજી મેચમાં, દક્ષિણ આફ્રિકા ઝિમ્બાબ્વે સામે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે બપોરે ૩ વાગ્યે રમશે. વિશ્વ કપની સેમિફાઇનલ ૪ અને ૫ માર્ચે યોજાવાની છે, જ્યારે ફાઇનલ ૮ માર્ચે રમાશે.